# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ-</u>

વિષયઃ- શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧માં LL.M. અનુસ્નાતક(PG)નાં અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી અંગે મુદ્દતમાં વધારો કરવા બાબત.

સંદર્ભઃ- અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૫૬૪/૨૦૨૦, તા.૨૭/૧૧/૨૦૨૦.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન LL.M. અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉક્ત સંદર્ભિત પરિપત્રથી LL.M. અનુસ્નાતક(PG)નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટે કોલેજ કક્ષાએથી તા.૦૭/૧૨/૨૦૨૦ સુધીમાં સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવેલ હતું.

ઉક્ત વિગતે હાલની કોવીડ-19ની મહામારી અને LL.M. અનુસ્નાતક કેન્દ્રોની આવેલ રજુઆતો ધ્યાને લઇ માન.કુલપતિશ્રીનાં આદેશાનુસાર LL.M. અનુસ્નાતક(PG)નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી તા.૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં કોલેજ કક્ષાએથી ઓનલાઇન કરવાની રહેશે તેમજ સમગ્ર પ્રવેશ પ્રક્રિયા **તા.૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં જ પૂર્ણ કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્રનાં ઇન્ચાર્જશ્રીને <u>ગત વર્ષે આપેલ યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે.</u>** કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેનું ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. આ સમયે Covid-19ની માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. **(તા.૩૦/૦૫/૨૦૨૦નો અનુસ્નાતક અભ્યાસક્રમ અંગે ઇન્ટેક બાબતનો પરિપત્ર) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.**
સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદ્દત તા.૧૯/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

- ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ- http://bknmuadm.icrp.in → college registration and merit

કા.કુલસચિવ

**બિડાણઃ-** અનુસ્નાતક અભ્યાસક્રમ અંગેનો તા.૩૦/૦૫/૨૦૨૦નો ઇન્ટેકનો પરિપત્ર.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૭૮૬/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૦૯/૧૨/૨૦૨૦

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ LL.M. અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ......

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.